**સુવિચાર**
વાસ્તવિકતાનો પ્રકાશ મનમાં હોવા છતાં લોકો તેને ક્યાંક બીજે જ શોધે છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૬/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ PENDAWALA
દર રવિવારે શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૪૬

## ભાજપનાં કદાવર નેતાઓ બાદ કોંગી આગેવાનો પણ આવ્યા મેદાનમાં

# અમરેલી જિલ્લામાં દારૂ, રેતી ખનનને લઈને ભારે હોબાળો

**પાયલકાંડ વખતે રેતી ખનનને લઈને હોબાળો મચ્યા બાદ ટૂંકા દિવસોમાં પુનઃ રેતી ખનનનો મામલો ગરમાયો**

**જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાત, ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણી, ગોપાલ વસ્તરપરાએ કર્યા ગંભીર આક્ષેપો**

**પૂર્વ સાંસદ નારણ કાછડીયા બાદ તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરી પણ મેદાનમાં આવ્યા**

**પોલિટિશ્યન અને પોલીસ અધિકારી વચ્ચે શરૂ થયેલ આક્ષેપબાજીની જનતામાં ભારે ચર્ચા**

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં દારૂ અને રેતી ખનિજ ને લઈને સતાપક્ષનાં આગેવાનોએ પોલીસ અધિકારી સામે ગંભીર આક્ષેપો કર્યા બાદ કોંગ્રેસનાં પુર્વ સાંસદ તેમજ તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરી પણ ભાજપનાં આગેવાનોનાં સુરમાં સુર પુરાવતા જતાં જિલ્લાની જનતામાં પોલિટિશ્યન અને પોલીસ અધિકારી વચ્ચે ચાલતા આક્ષેપ–પ્રતિઆક્ષેપ પણ ખાસ્સી ચર્ચા શરૂ થઈ છે.

કાંકચ બેઠકનાં ભાજપનાં સદસ્ય વિપુલ દુધાતે દેશીદારૂનુ વેચાણ થતુ હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા બાદ શરૂ થયેલ આક્ષેપ બાજી આગળ વધી છે. બાદમાં ભાજપનાં કદાવર નેતા દિલીપ સંઘાણી, ગોપાલ વસ્તરપરા બાદ આજે પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ પણ પોલીસ અધિકારી સામે ગંભીર આક્ષેપો કર્યા બાદ કોંગી નેતાઓ પણ મેદાનમાં આવતાં જિલ્લાની જનતામાં ભારે ચકચાર જાગી છે.







### ગ્રામ પંચાયતની સામાન્ય–વિભાજન, મધ્યસત્ર–પેટા ચૂંટણી જાહેર થતાં

## અમરેલી જિલ્લાની ૩૦૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આવતીકાલથી ઉમેદવારપત્રો ભરી શકાશે

**ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તા. ૯ રહેશે અને તા. ૨૫ મીએ મતગણતરી થશે**

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લા સહિત સમગ્રરાજયમાંઆગામીતા. ૨૨નારોજ ગ્રામપંચાયતોનીસામાન્ય–વિભાજન–મધ્યસત્ર–પેટાચૂંટણીઓમાટેમતદાન યોજાશે. આ ચૂંટણી કાર્યક્રમ મુજબ આગામી તા. ૨૫ ના રોજ મતગણતરી થશે. આ ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં ૩૦૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે જે પૈકી ૧૦૪ સામાન્ય, ૦૬ વિભાજન, ૦૪ વિસર્જન, ૧૬ સરપંચ, ૨૫૧ વોર્ડ પેટા અને ૧૯૩ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી પ્રક્રિયા યોજાશે.

આ ચૂંટણી માટેનું સત્તાવાર જાહેરનામુ આગામી તા. ૨ સોમવારના રોજ પ્રસિદ્ધ થશે. તે જ દિવસથી ઉમેદવારી પત્રકો ભરવાનું શરૂ થશે. જયારે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૯ જૂન રહેશે. જયારે ઉમેદવારી પત્રકોની ચકાસણી તા. ૧૦ જૂને થશે અને ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ તા. ૧૧ જૂન રહેશે. જયારે આગામી તા. ૨૨ જૂનના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી બેલેટ પેપરથી મતદાન થશે.

અનુસંધાન પાના ૬ ઉપર

### ડબ્બા, વાસણો કે રોકડ રકમ આપીને અનાજ એકત્ર કર્યુ

## રેશનિંગ દુકાનમાંથી વિતરણ થતો અનાજનો જથ્થો બારોબાર મેળવનાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

**વિસાવદરનાં હાજીભાઈ ચૌહાણ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરાઈ**

અમરેલી, તા. ૩૧

જુનાગઢ તાલુકાના વિસાવદર ગામે રહેતા હાજીભાઈ યુનુસભાઈ ચૌહાણ નામના આરોપીએ ગત તા. ૨૨/૭/૨૪ના રોજ સાંજે ૭ વાગ્યે ચલાલા નજીક આવેલ મીઠાપુર (ડું) ગામે, બગસરા રોડ ઉપર આવેલ એસાર પેટ્રોલ પંપની પાછળ ઉમેશભાઈ આપાભાઈ વાળાના ગોડાઉનમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાશનકાર્ડધારકોને વિતરણ થયેલ અનાજનો જથ્થો ચોખા કિ.ગ્રા. ૮૨૬૧, ઘઉં કિ.ગ્રા. ૩૦૭, બાજરી ૧૫૮ કિ.ગ્રા, ખાલી બેગ–૨૬ બંડલ મળી કુલ રૂપિયા ૩,૩૭,૩૬૪નો મુદામાલ રાખેલ હોય. જે જગ્યાએ ધારીના મામલતદાર કચેરીના નાયબ મામલતદાર પુરવઠા વિભાગ દ્વારા મળેલ બાતમીના આધારે તપાસ હાથધરતા આરોપી હાજીભાઈ યુનુસભાઈ ચૌહાણ ધ્વારા કોઈ સંતોષકારક જવાબ કે આધાર પુરાવાઓ રજુ ન કરતા તે તમામ જથ્થો સીઝ કરવામાં આવેલ હતો.

જે બાબતે આજુ બાજુમાં તપાસ કરતા રેશનકાર્ડ ધારકો પાસેથી પ્લાસ્ટીકની વસ્તુઓ જેવી કે ડબ્બા, વાસણો કે રોકડ રકમ આપી તેના બદલામાં જાહેર રેશનીંગની દુકાનમાંથી વિતરણ થયેલ જથ્થો આરોપીએ મેળવીને તથા ફેરીયાઓ પાસેથી અનધિકૃત રીતે ખરીદ કરીને આ ગોડાઉનમાં અનધિકૃત એકત્રીત કરીને, ઉંચા ભાવે વેચાણ કરીને ગુન્હો કરેલ હોય. જે બાબતે અમરેલી કલેકટરની કોર્ટમાં તા. ૨૯/૧૦/૨૪ના હુકમ નં. પરવ/એન્ફો/વશી/૧૭૧૪/૨૪ ફરિયાદ દાખલ થવા આવતા મામલતદાર ધારીનાઓના પત્ર નં. પરવ/વશી/૭૭૫/૨૦૨૫ તા. ૩૦/૫/૨૦૨૫ આપતા ધારીના ઈન્ચાર્જ મામલતદાર વંસતકુમાર હરીપ્રસાદ ત્રિવેદીએ ચલાલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
85,300/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૧/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક

તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
નિલકંઠ જ્વેલર્સ
નિલકંઠ જ્વેલર્સ

Gold Project
અમારી નવી યોજના 'Gold Project'
યોજનાની વધુ માહિતી માટે સંપર્ક કરશો
શ્રીજી કન્સલ્ટન્સી
C/o સોના રૂપા જ્વેલર્સ,દાણા બજાર, ટાવર પાસે-અમરેલી
સમય : બપોરે ૪:૦૦ કલાક થી ૭:૦૦ કલાક
Mo. 94261 25285

વેચાણ / ભાડે આપવાનું છે...
અમરેલીમાં લાઠી રોડ ઉપર નારાયણ નગરમાં આવેલ મેઈન રોડથી તદ્દન નજીક કોમ્પ્લેક્ષ જેમાં સ્કૂલ, કલાસીસ, હોસ્પિટલ વિગેરે થઈ શકે તેવું તેમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે ઓફિસ ઉપર ચાર હોલ, ફાયર સેફ્ટી સાથે, થ્રી ફેઈઝ ઈલે. કનેકશન ચોવીસ કલાક પાણીની સુવિધા સાથે નોંધ : દલાલ ભાઈઓ આવકાર્ય
કોન્ટેકટ નંબર : ૯૮૨૪૪ ૫૬૭૬૧

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
ત્યાં વધુ Advance Maths-Science, રીઝનિંગ English અને ની આપ હુ ટેક તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10 થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો :: 15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
Smart Board ધરાવતા કલાસ..
અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## વર્ષો જુની સમસ્યાનું કયારેય કોઈ નિરાકરણ કરવામાં આવતુ નથી

# ચલાલામાં ચોમાસામાં હંમેશા ડહોળુ પાણી જ વિતરણ થાય

**શહેરીજનોએ પાલિકાની ચૂંટણીમાં ભાજપની મતપેટી છલોછલ કરી દીધી છતાં શાસકો સુવિધા આપતા નથી**

**ફિલ્ટર પ્લાન્ટ પણ ઘણા મહિનાઓથી શોભાનાં ગાંઠીયા સમાન બની ગયો હોય પરેશાની વધી**

**નવનિયુકત નગરસેવકોએ અવારનવાર રજૂઆત કરી છતાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી**

**પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી એક જ પક્ષનું શાસન હોય સમસ્યાનું નિરાકરણ જરૂરી**

ચલાલા, તા. ૩૧

ચલાલામાં વર્ષોથી ચોમાસુ આવે એટલે ચલાલાના શહેરીજનોએ દુર્ગંધ યુકત ડહોળુ પાણી પીવાનો વારો આવે છે. આ વખતે પણ ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. હમણા કમોસમી ભારે વરસાદ પડવાથી નવા નીર આવવાના ચાલુ થતા જ પાણી ભાંભરૂ વાસવાળુ આવવાનુ ચાલુ થઈ ગયુ છે તેમજ ધારી રોડ પર આવેલ ચલાલા નગરપાલિકા સંચાલિત ફિલ્ટર પ્લાન્ટ પણ ઘણા ટાઈમથી બંધ પડયો છે.



ચલાલા શહેરની અંદાજીત ચાલીસ હજારની વસ્તીને કાયમ ત્રીસ લાખ લીટર પાણીની જરૂરિયાત છે જે હાલ જરૂરિયાત પુરી થઈ રહી છે. ચલાલાને પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત ખોડીયાર ડેમ અને જર ડેમ આધારીત છે. વોર્ડ નં. ૨ ના ચારેય સદસ્યોએ જણાવેલ છે કે ત્રણ વર્ષ પહેલા તત્કાલિન પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા અને પુર્વ ઉપ પ્રમુખ જયરાજભાઈ વાળા દ્વારા ચલાલા શહેરનો જે વર્ષો જુનો ડહોળા અને દુર્ગંધ યુકત પાણીનો મુખ્ય પ્રશ્ન હતો તેનો કાયમી ઉકેલ લાવવા માટે અનેક સફળ રજૂઆતો અને પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને સરકારના સહયોગ થકી ખોડીયાર ડેમ સાઈટ પર ૨ બોર (દાર) કરવામાં આવ્યા હતા. જેમા ૧ દારમાં મોટર અને પંપીગ સેટ ઉતારવવા મા આવેલ છે. એ દારમાંથી આજે પણ ૨૪ કલાક ૪૦ હોર્સ પાવરની મોટર ચાલુ છે અને તેમાંથી શુધ્ધ અને ચોખ્ખુ પાણી ચલાલા શહેરને આપવામાં આવેશે અને ૧ દારમાં આજે પણ ત્રણ વર્ષ થયા છતાં પણ મોટર અને પંપીગ સેટ ઉતાર્યા વગર ખાલી પડેલો છે. હાલ ઉનાળામાં પાણીની જરૂરિયાત અને માંગ વધુ હોવાથી વધારાનુ ઘટતું પાણી ખોડીયાર ડેમમાંથી સીધુ લેવામા આવશે. ફિલ્ટર પ્લાન્ટ પણ બંધ હાલતમાં હોવાથી પાણી ફિલ્ટર પણ થઈ શકતુ નથી એટલે પાણી ડહોળુ અને ભાંભળું આવે છે તેમજ રોકડીયામાં કરેલા બોરમાંથી પાણી લેવામાં આવે છે એ ક્ષારયુકત અને મોળુ હોવાથી શહેરીજનોને ખરાબ કવોલેટીનુ પાણી પીવાની ફરજ પડે છે. તેમજ આગામી દિવસોમાં હવે જો ચોમાસાનો વરસાદ પડશે અને ડેમમાં નવુ પાણી આવશે તો એ પાણી માટીવાળુ એકદમ ડહોળુ દુર્ગંધ યુકત આવશે જે પાણી પીવા લાયક કે વાપરવા લાયક પણ નહી હોય. માટે બીજા બોર (દાર)માં સામાન્ય ખર્ચ કરીને મોટર અને પંપીગ સેટ વહેલીતકે ઉતારવવા માટે અમારી લેખીત શહેરીજનોના હિતાર્થે વ્યાજબી માંગણી છે. અમો નગરપાલિકાની ચુંટણી જીત્યા ત્યારથી લોકોના હિતાર્થે અમો જાગૃત સદસ્યો દ્વારા મૌખીક અને ટેલીફોનીક અનેક વખત રજુઆત કરવા છતાં આજસુધી કોઈ જ નિર્ણય કરવામાં આવ્યો નથી અને હવે જો પંદર દિવસમાં ખોડીયાર ડેમ સાઈટના ખાલી બોર (દાર) માં મોટર અને પંપીગ સેટ ઉતારવવામાં નહી આવે તો નગરપાલિકા સામે શહેરીજનોનો સહકાર લઈ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ નગરપાલિકાના વોડ નં. ૨ ના સદસ્યો પરેશભાઈ કાથરોટીયા, અવિરતભાઈ માલા, ભુમીબહેન જયરાજભાઈ વાળા, મુકતાબહેન કૌશિકભાઈ પરમારે આપેલ છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાનુ આ હોમટાઉન હોય, ધારાસભ્ય સંચાલિત નગરપાલિકા હોય, પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપ સરકાર હોય તો પણ નજીવા ખર્ચ કરવાના વાંકે શહેરીજનોને દુર્ગંધ યુકત પાણી પીવાની નોબત આવે અને ભાજપના જ સદસ્યો ને ભાજપની જ નગરપાલિકા સામે આંદોલન કરવાની ચીમકી આપવી પડે અને ફરજ પડે તે ધારાસભ્ય જે.વી. કાકડીયા માટે ખુબ જ શરમજનક કહેવાય.

---

### રાજુલાનાં ચાંચ ગામે બની ઘટના

## પતિ સાથે માથાકૂટ થતાં લાગી આવતાં પ્રૌઢાએ ગળાફાંસો ખાઈ લીધો

**જીવનનાં ઉતરાર્ધમાં પણ માથાકૂટ થઈ**

અમરેલી, તા. ૩૧

રાજુલા તાલુકાના ચાંચ ગામના વતની અને હાલ વીકટર ગામે રહેતા પાનુબેન ઉર્ફે ભાનુબેન જીકારભાઈ ગુજરીયા નામના ૫૮ વર્ષિય મહિલાને ગત તા. ૨૯ના રાત્રે ૯:૩૦ વાગ્યે વીકટર ગામે પોતાના પતિ સાથે ઝગડો થતાં અને બોલાચાલી થતા પોતાને મનમાં લાગી આવતા ગળાફાંસો ખાઈ લેતાં પ્રૌઢાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### ચલાલામાં રહેતી આધેડ વયની મહિલાનાં જમાઈનું કારસ્તાન

## હદ થઈ : બનેવીએ સગીરવયની સાળીને જાનથી મારી નાખવાની ધમકી આપીને દુષ્કર્મ આચરતાં ફરિયાદ

**ભોગ બનનાર તરૂણીની બહેને પણ ફરિયાદ ન કરવા દબાણ કર્યું**

અમરેલી, તા. ૩૧

ચલાલા ગામે રહેતી એક ૪૫ વર્ષિય આધેડ મહિલાના જમાઈએ પોતાની સગી સાળી સગીરવયની હોવાનું જાણવા છતાં તરૂણી સાથે ગત તા. ૧૫થી તા. ૨૯ના રાત્રિના ૧૧ વાગ્યા દરમિયાન અલગ–અલગ તારીખ સમયે લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે તથા ચલાલા ગામે ચલાલા–ખાંભા રોડ ઉપર આવેલ ઈટુના ભઠ્ઠા પાસે બળજબરી કરી વારંવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી તરૂણીને જાનથી મારી નાખવાની ધમકી આપી અને લાફા મારેલ. આથી ભોગ બનનારે આ બનાવ અંગે ભોગ બનનારની સગી બહેન અને આરોપીની પત્નિને પણ આ બનાવની હકિકત જણાવતા આરોપીની પત્નિ અને ભોગ બનનારની સગી બહેને પણ ભોગ બનનારને લાફા મારી ચીટીયા ભરી આ વાત કોઈને કહીશ તો હું દવા પી જઈશની ધમકી આપતા અને સગી બહેને પણ આ બનાવમાં આરોપીને મદદગારી કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધતા ભારે ચકચાર મચી જવા પામેલ છે.

---

### વડિયાનાં ભુંખલી સાંથલી ગામનો બનાવ

## પ્રૌઢને નશો કરવાની આદત હોય પરિવારે ઠપકો આપતાં ઝેર ગટગટાવ્યુ

અમરેલી, તા. ૩૧

વડિયા તાલુકાના ભુંખલી સાંથલી ગામે રહેતા હરસુખભાઈ બધાભાઈ જાદવ નામના ૪૩ વર્ષિય પ્રૌઢ ને નશો કરવાની આદત હોય. જેથી તેમનાં પરિવારે તેમને ઠપકો આપતા પ્રૌઢને મનમાં લાગી આવતા ગત તા. ૨૯ના રોજ બપોરે ૧ વાગ્યાના અરસામાં ભુંખલી સાંથલી ગામેથી સુલતાનપુર ગામે જવાના માર્ગે આવેલ અનીલભાઈ મારૂની વાડી પાસે ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### ૩ થી ૪ વર્ષથી સમસ્યા યથાવત

## જાફરાબાદનાં ભાડા ગામમાં ગટરનાં ગંધાતા પાણી ફરી વળ્યા

**ગ્રામજનો ગટરનાં ગંધાતા પાણીમાં ચાલવા મજબુર**

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ તાલુકાના ભાડા ગામના ખેડૂતો ગામજનો ગટરના પાણીના નિકાલ અંગે ૩ થી ૪ વર્ષથી વારંવાર સરપંચ અને પંચાયતને રજૂઆત કરવા છતાં કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવતા નથી. ગામ લોકો દ્વારા સરપંચને ગટરની રજૂઆત કરવામાં આવે ત્યારે સરપંચ ધ્વારા ગ્રાન્ટ નથી. તેમ કહેવામાં આવે છે. ત્યારે ૩ થી ૪ વર્ષમાં ગામના કામ માટે ગ્રાન્ટ મળે છે. તો આ ગટર માટે મરતી નથી. તેમ ગામ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ૩ થી ૪ વર્ષથી ગટરનો પ્રશ્નો યથાવત હોય કામ થતું નથી. ભાડા ગ્રામ પંચાયતના પદાધિકારીઓ ઉપર ગામ લોકો સવાલો ઉઠાવી રહ્યા છે. ત્યારે તંત્ર કુંભકર્ણ નિદ્રામાં સુતેલી હોય તેવું અહી જોતા જ લાગી રહ્યું છે. આ ગટરના પાણીને લઈને ગ્રામજનોમાં રોષ વ્યાપી રહ્યો છે. ત્યારે ગામના ખેડૂતો દ્વારા જણાવ્યું કે અવારનવાર ગ્રામ પંચાયતમાં તાલુકામાં ટીડીઓ અને સરપંચને અનેક વખત



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

રજુઆત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં ગટરના પાણીનો નિકાલ કરવામાં અધિકારીઓ કરી રહ્યા છે. ઠાગાઠૈયા ત્યારે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભાડા ગામથી બીજા અનેક ગામો તરફ જવાનો રસ્તા ઉપર ગટરના પાણીથી તળાવો જેમ પાણી ભરાયેલા જોવા મળે છે અને ગટરોના નિકાલ ન હોવાથી ખેડૂતોના ખેતરમાં પાણી ભરાય છે. આ ગટરનાં પાણીનો નિકાલ થતો નથી. ત્યારે ખેડૂતોની માંગણી છે કે ચોમાસા પહેલા ગટરના પાણીની સમસ્યા દુર કરવામાં આવે તેવું ગામજનો જણાવી રહ્યા છે.

---

### સત્તાપક્ષનાં દિગ્ગજ આગેવાનોએ આક્ષેપો કરતા

## અંતે અમરેલી પંથકમાં ખનિજ ચોરી કરતાં વાહનચાલકો સામે પોલીસ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી

**દેવળીયા ગામના પાટીયા નજીક ડમ્પર અને ટ્રેકટર ઝડપાયા**





અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં ખાણ ખનિજની ગેરકાયદેસર ચોરીની પ્રવૃતિ કરતા વાહન ચાલકો વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન હેઠળ આપેલ હોય.

જે અન્વયે અમરેલી સાવરકુંડલા રોડ ઉપર દેવળીયા ગામના પાટીયા પાસેથી રેતી ભરેલ એક ડમ્પર મળી આવતા, જેમાં ભરેલ રેતી બાબતે રોયલ્ટી પાસની તપાસ કરતા રોયલ્ટી પાસ જુનાગઢ જિલ્લાની રામેશ્વર (ઓજત નદી)ની હોય, જે અંગે અંગે ડમ્પર રૂટ તપાસ દરમ્યાન કોઈ ગુન્હાહિત કૃત્ય આચરી રેતી (ખનીજ)ની હેરાફેરી કરતા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિ જણાય આવતા. જે અંગે ડમ્પર ખાણ ખનીજ વિભાગને તપાસ થવા સોંપી કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ બીજા એક બનાવમાં એક ટ્રેકટરમાં ગેરકાયદેસર રેતી ચોરી કરતા પકડી પાડી ખાણ ખનીજનો મેમો આપવામાં આવેલ છે.

આમ પોલીસ હવે જિલ્લામાં ખનિજ ચોરી અટકાવવા માટે રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ શરૂ કરતા અમરેલી જિલ્લામાં ખનિજ ચોરી કરતાં ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

---

## દામનગર ખાતે પરમાર્થ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક ચોપડાનું વિતરણ

દામનગર, તા. ૩૧

દામનગર સાહિત્ય જગતની શાન ગણાતી મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય ખાતેથી પરમાર્થ ટ્રસ્ટ સુરત દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક, ચોપડા, થેલા વિતરણ કરાશે. પરમાર્થ ટ્રસ્ટ સુરત દ્વારા દર વર્ષે સૌરાષ્ટ્રભરના અસંખ્ય ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યા અભ્યાસ કરતા ગરબી વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ફૂલ સ્કેપ ચોપડા વિતરણ કરે છે. આ વર્ષે નવા વર્ષે નવા શરૂ થતાં શિક્ષણ સત્ર દરમ્યાન પરમાર્થ ટ્રસ્ટ સુરત દ્વારા ઉદાર દિલ દાતાઓના આર્થિક સહયોગથી ખુબ મોટા પ્રમાણમાં સરકાર શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક



ફૂલ સ્કેપ ચોપડા થેલા વિતરણ કરાશે વિનામૂલ્યે નોટબુક ચોપડા થેલા વિતરણ મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય ખાતેથી જીવદયા પરિવાર નંદી સેવા ટ્રસ્ટના સ્વયંસેવકોની સેવાથી જરૂરિયાતમંદ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સુધી પહોંચાડવા શાળાના શિક્ષક સહિતના સહયોગથી સુવ્યવસ્થિત ગરીબ વિદ્યાર્થીઓને નોટબુક, ચોપડા, થેલા મળી રહે તેવું સુદર આયોજન કરાશે.

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

---

### સામાજિક કાર્યકતાં કાંતિલાલ પરમારની રજુઆત બાદ

## લાઠીનાં જરખીયા ગામનાં પીડિત યુવકનાં પરિવારને ન્યાય આપવા સુચના અપાઈ

**રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા મુખ્ય સચિવને આદેશ જારી**

અમરેલી, તા. ૩૧

લાઠી તાલુકાના જરખીયા ગામના અનુસૂચિત જાતિ સમાજના ચાર યુવાનો અમરેલી શહેરના સાવરકુંડલા રોડ પર આવેલ માર્કેટ યાર્ડની પાસે આવેલ જય દ્વારકાધીશ નામધારી સ્ટોરની બાજુમાં હોટલ પર ચા પીવા અને નાસ્તો કરવા માટે ગયા હતા. લાઠી તાલુકાના જરખિયા ગામના નિલેશભાઈ કાંતિભાઈ રાઠોડનાઓ સાથે અન્ય ચાર યુવાનો પણ ચા–નાસ્તો કરવા માટે ગયા હતા.

આ જય દ્વારકાધીશ લખેલ દુકાન પર નાના બાળકો ગ્રાહકોને વસ્તુઓ વેચાણથી આપતા હતા. આ સમય દરમ્યાન નિલેશભાઈ કાંતિભાઈ રાઠોડનાઓ નાસ્તા સાથે ખાવા માટે નમકીનનુ પેકેટ લેવા આ દુકાને ગયેલ હતા. નમકીન પેકેટના પૈસા ચૂકવેલ તેની ઊંચાઈ વધુ હોવાથી તેઓએ જણાવેલ બેટા નમકીનના પડીકા સુધી તારો હાથ ન પહોંચે તો હું લઈ લવ આ સમયે દુકાનના માલિક ચોથાભાઈ ભરવાડ ત્યાં દુકાનમાં પાછળ બેઠા હતા. જેમણે પહેલા જ્ઞાતિ પૂછી પછી મારા છોકરાને બેટા કેમ કીધો તેમ કહીં તેઓએ નિલેશ રાઠોડ સાથે ઝઘડો કરતા જીવલેણ હુમલાને પાંચ બહેનોના એક ભાઈ એવા નિલેશભાઈ રાઠોડ નામના લાઠી તાલુકાના જરખિયાના રહીશ આ યુવાનનું તા. ૨૨/૫/૨૫ના રોજ સારવાર દરમિયાન અવસાન થયું હતું. અને ગુનો હત્યામાં પલટાયો હતો.

આ બાબતે અમદાવાદ સ્થિત માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા, મહામહિમ, રાષ્ટ્રપતિનાઓને સંબોધીને પિટિશન ફાઈલ કરી માનવ અધિકાર ભંગના મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે અરજન્ટ અપીલ ફરિયાદ સ્વરૂપે ઈમેલ દ્વારા મોકલાવમાં આવેલ હતી. આ પિટિશનને રાષ્ટ્રપતિ ભવનના કાર્યાલય દ્વારા ખુબ જ ગંભીરતાથી લઈ તાત્કાલિક આ મુદ્દે કાર્યવાહી કરવા માટે ગુજરાત રાજયના મુખ્ય સચિવને આદેશ કરેલ છે.

## એક અઠવાડીયા પહેલા ભારે વરસાદથી સેંકડો વીજપોલ ધરાશાયી થયા બાદ

# અંતે લાઠી પંથકમાં ખેતીવાડીમાં વીજ પુરવઠો પૂર્વવત


**ભારે પવનનાં કારણે અનેક ટીસીને પણ નુકસાન થયુ હોય એક મહિના સુધી વીજળી ન મળે તેવી ગંભીર પરિસ્થિતિ હતી**

**પીજીવીસીએલની ટીમે નાયબ ઈજનેર કાલાણીનાં નેતૃત્વમાં દિવસ-રાત એક કરીને અઠવાડીયામાં વીજ પુરવઠો પૂર્વવત કર્યો**

**અનેક ગામોનાં ખેડૂતોમાં પીજીવીસીએલની કામગીરીથી ખૂશીનો માહોલ છવાયો**

**રાત્રિનાં સમયે નાયબ ઈજનેરે ખેતરોમાં ઘુસીને વીજ પુરવઠો પૂર્વવત કરવા ભારે જહેમત ઉઠાવી**



અમરેલી, તા. ૩૧

અમરેલી ઉપરાંત લાઠી અને દામનગર પંથકમાં એક અઠવાડીયા પહેલા ભારે પવન, વીજળીનાં કડાકા–ભડાકા સાથે કમોસમી વરસાદ પડતાં લાઠી પંથકનાં અનેક ગામોમાં સેંકડો વીજપોલ અને ટીસી જમીનદોસ્ત થતાં ખેતીવાડીનો વીજ પુરવઠો ઠપ્પ થતાં ખેડૂતો પરેશાન થઈ ચુકયા હતા.

દરમિયાનમાં પીજીવીસીએલનાં ઉત્સાહી નાયબ ઈજનેર કાલાણીએ લાઠી પંથકમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાનું ભગીરથ કાર્ય હાથ ઉપર લીધુ અને તેમની ટીમની સાથે ખડેપગે રહીને દિવસ–રાત એક કરીને જમીન દોસ્ત થયેલ વીજપોલ, ટીસીને દુરસ્ત કર્યા તેમજ વૃક્ષની તોતીંગ ડાળીઓ વાયર અને પોલ ઉપરથી હટાવીને એક મહિનાની કામગીરી એક અઠવાડીયામાં પૂર્ણ કરીને ખેતીવાડીનો મોટાભાગનો વીજ પુરવઠો પૂર્વવત કરાવ્યો અને હવે આગામી એક–બે દિવસમાં જે કોઈ એકલ–દોકલ ખેતીમાં વીજ પુરવઠો મળેલ નથી ત્યાં પણ વીજ પુરવઠો પૂર્વવત કરવાની ખાત્રી આપતાં સમગ્ર વિસ્તારનાં ખેડૂતોમાં પીજીવીસીએલ અને નાયબ ઈજનેર કાલાણી અને તેમની ટીમની કામગીરીથી ખૂશીનો માહોલ છવાયો છે.


**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
**પ્રવેશની ઉત્તમ તક...**
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮


## અમરેલી જિલ્લામાં તરૂણી અને યુવતીઓ પર અત્યાચારનું પ્રમાણ વધતા ચિંતા

# યુવકે તરૂણીને બહાર મળવા બોલાવતા તેણી ન આવતાં ઘરમાં અપ્રવેશ કરી બળજબરીપૂર્વક હાથ પકડયો

### ખાંભાના ડેડાણ ગામે બનેલ ઘટનાને લઈને પોલીસ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૩૧

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા આરોપી સાગર જેરામભાઈ સાંખટે તે જ ગામે રહેતી એક ૧૩ વર્ષની તરૂણીને ગત તા. ૨૯ના રાત્રે ૮ વાગ્યે ઈશારો કરી અને તરૂણીને બહાર મળવા બોલાવતા તેણી મળવા બહાર ના આવતાં આરોપીએ ભોગ બનનારના ઘરની અંદર ફળીયામાં અપ્રવેશ કરી અંધારાનો લાભ લઈ આરોપીએ ભોગ બનનારનો બળજબરીપુર્વક ડાબો હાથ પકડી તેણીને ઢસડેલ હતી અને તરૂણીએ દેકારો કરતા આરોપીએ તેમના હવાલાવાળુ ટ્રેકટર લઈ ત્યાંથી જતો રહેલ હતો. ત્યારબાદ તે વાતનું મનદુઃખ રાખી ડેડાણ ગામે રહેતા આરોપી સાગર જેરામભાઈ સાંખટ, જેરામભાઈ ઉકાભાઈ સાંખટ, મહેશભાઈ જેરામભાઈ સાંખટ, વસંતબેન જેરામભાઈ સાંખટ, ભારતીબેન મહેશભાઈ વાંજા, મહેશભાઈ ઉકાભાઈ વાંજા તથા મોહનભાઈ બાબુભાઈ સાંખટ અલગ–અલગ ટુ–વ્હીલ મોટર સાયકલમાં આવી આરોપી પાસે લાકડાના ધોકા હતાં, તેઓ બધાએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી પ્રાણ ઘાતક હથિયારથી સજજ થઈ તેણે જેમફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી આરોપીએ લાકડાના ધોકાનો એક ઘા તરૂણીના ઘરના દરવાજા ઉપર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી અગાઉ પણ ભોગ બનનારનો ચાળો કરી તેનો પીછો કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


**"અમરેલી એક્સપ્રેસ"**
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭













**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦








**ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...**
**મગડી ગુંદીના લાડુ**
નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫













**પ્રકરણ.. ૨૩૭ - ૧૯૬૪**

**કોઈ લેટાં દે મેરે.. બિતે હુવે દિન.. બિતે હુવે દિન મેરે પ્યારે પલ**
**આ ચલ કે તુજે. મે લેકે ચલૂ.. એક ઐસે ગગન કે તલે.. જહાં ગમ ભી ના**
**મેરે મેહબુબ. કયામત હોગી.. આજ રૂશવા. તેરી ગલિયો મે મુહબ્બત હોગી**
**ખૂબસૂરત હસીના. જાને જા. જાનેમન તું નહીં.. તું નહીં.**
**કોઈ એર હૈ સનમ**


**પ્રિય વાચક મિત્રો,**

કલાકારનું જીવન ખુબજ કઠિન હોય છે, જયારે તે ખુશ હોય ત્યારે, ફિલ્મમાં દુખી દ્રશ્ય અને જયારે તે કોઈપણ રીતે દુખી હોય ત્યારે ખુશીનું દ્રશ્ય તેમને ફિલ્મો માં ભજવવું પડતું હોય છે, પણ તેમ છતાં આ કલાકારો તેમના ભાગે આવતા અભિનય ને રૂપેરી પરદે વાસ્તવિકતાથી નજીક લઈ આવે છે, અને એટલે જ આવા કલાકારોને મહાન કલાકારોની શ્રેણીમાં મૂકવામાં આવે છે. આવા એક મહાન કલાકાર કિશોરકુમારની ફિલ્મોની આજે વાત કરીશું. કિશોર કુમાર એટલે એક શરારતી અભિનય, જે તે સમયે બીજા કોઈ કલાકાર તેમના જેવો શરારતી અને એક પાગલપન કહી શકાય તેવો અભિનય કરી શકતા ના હતા, અરે.. કિશોર દા જેવો અભિનય આજે પણ કોઈ કરી શકે નહીં. ૧૯૫૦ ના દસકનો સમય એક એવા હીરોનો સમય હતો કે હીરો




શાંત અને આદર્શરૂપ હોવો જોઈએ. પણ કિશોર દા ના પાત્રમાં હીરો આદર્શ તો જરૂર હતો, પણ તે શરારતી રેહતો હતો, દરેક મનુષ્ય ગંભીર મુખ મુદ્રા વાળાના હોય શકે, સમાજમાં એવા યુવાનો તે સમયે અને આજે પણ છે જે કોઈ પણ પરિસ્તીથીને માત્ર ગંભીરતાથી લેતા નથી, પણ માનસિક રીતે પ્રસન્ન રહી આવેલ સમસ્યાનો ઉકેલ લાવે છે. કિશોર દા એ એવા યુવાનને ફિલ્મમાં રજૂ કર્યો છે, અને આ અભિનયમાં સફળ પણ રહ્યા સાથે ગાયિકીની વાત કરીયે તો શાસ્ત્રીય સંગીતનો તે સમય હતો, ત્યારે યોડિર્લ, અને કોઈ પણ રીતે રાગ પર આધારિતના હોય તેવા ગીતો ગાઈ કિશોર દા અન્ય ગાયકોથી અલગ તરી આવ્યા, તે માટે અમુક સંગીતકારોએ તેમનો ઉપહાસ પણ કર્યો, પણ કિશોર દા એ તેમની ગાયિકી કે અભિનય બદલ્યો નહીં. પણ ૧૯૬૪ના સમયમાં તેઓ રાહુલ દેવ બર્મનની નજીક આવ્યા, બન્ને પરમ મિત્રતાની સીમાએ હતા, ત્યારે રાહુલ દેવે કિશોર દા ને ગાયિકીની અમુક ટિપ્સ આપી, અને કોઈનું ના માનનારા કિશોર દા એ રાહુલ દેવનું કહ્યું માન્યું, અને ૧૯૬૪ બાદ એક નવા કિશોરકુમારનો ઉદય થયો. તેમના હોમ પ્રોડકશનની ફિલ્મ અને બીજી ફિલ્મોમાં તેમણે કલાસિક ગાયિકી આપી. ચાલો વાત કરીયે તેમના હોમ પ્રોડકશનની ફિલ્મ ની.

દૂર ગગન કીછાવ મે – કિશોરકુમારના નિર્દેશન, નિર્માણ, લેખક, ગાયક, અને સંગીતકાર ના કાર્ય માં, આલોક દાસ ગુપ્તાના સિનેમા ઓટો ગ્રાફી, અને શૈલેન્દ્રની કવિતા આ સાથે, કિશોરકુમાર, સુપ્રિયા દેવી, માં. અમિત ગાંગુલી, રાજ મેહરા, સજ્જન, ઈફતેખાર, નાના પલસીકર, થી અભિનીત આ ફિલ્મ સફળ ના રહી, પણ આ ફિલ્મ ને નેશનલ ફિલ્મના એવાર્ડમાં નોમિનેટ કરાઈ હતી, એક કલાસિકલ ફિલ્મની વિવેચકોએ સરાહના કરી હતી. હમેશા શરારતી અભિનય કરતાં કિશોર દા તેની હોમ પ્રોડકશનની ફિલ્મમાં એક ગંભીર પાત્ર નિભાવ્યું છે. જયારે કિશોર દા ને પૂછવામાં આવ્યું કે તમે અહી એક સૈનિક અને એક પિતાનું ગંભીર પાત્ર કેમ ભજવ્યું છે ? તો કિશોર દા એ કહ્યું, કે દરેક કોમેડિયન કલાકાર અંદરથી દુખી હોય છે. તે સમયે કિશોર તેમના વિવાહિત જીવનથી ખુશ ના હતા, પહેલી પત્ની, અને બાળકો મધુબાલા સાથે ના લગ્નથી થોડા દૂર થયા હતા, તો મધુબાલાની બીમારી તેમનો જીવ લઈ રહી હતી. ફિલ્મની કથા એવી છે કે કિશોર એક સૈનિક છે, તે સરહદથી ઘર આવે છે, ત્યારે તેને ખબર પડે છે કે તેના માતા પિતા, અને પત્ની આગમાં મૃત્યુ પામ્યા છે, એક માત્ર તેનો પુત્ર અમિત જીવિત છે, પણ તે વાચા ગુમાવી બેઠો છે. કિશોરની મુલાકાત એક યુવતી સુપ્રિયા સાથે થાય છે, જે તેને અને તેના પુત્રને મદદરૂપ થાય છે, પણ ગામના ઠાકુર સાથે કિશોરને સુપ્રિયાના લીધે વેર બંધાઈ જાય છે. કિશોર તેના પુત્રનો અવાઝ પરત લાવવા શહેરમાં ઘણા ડોકટરને મળે છે, પણ તેઓ સારવારની ના કહે છે. તેવા માં ઠાકુર સાથેની લડાઈ માં બાળક અમિતની વાચા પરત આવે છે. તે કિશોરનો જીવ બચાવે છે. અને અંતે દુખના દિવસો દૂર થાય છે, અમિતને સુપ્રિયા જેવી માતા અને કિશોરને એક સારી પત્ની મળે છે. કિશોર કુમારે અહી લાજવાબ અભિનય આપેલ છે, સાથે ગાયિકી માં.. કોઈ લોટા દે. મેરે.. અને આ ચલ કે તુજે મે લે કે.. ગીતમાં એક અલગ કિશોર કુમારને બહાર લાવ્યા છે. ફિલ્મએ ૧૯૫૮ની અમેરિકન ફિલ્મ પ્રેડ રિવેલની કથાની અને પાથર પચાલીની કથાની પ્રેરણા લઈ બનાવી છે. મી. X ઈન બોમ્બે – અનિલ કપૂરની મી ઈન્ડિયા લગભગ દર્શકોને યાદ છે, પણ કિશોર દા ની આ ફિલ્મએ મી ઈન્ડિયાની ફિલ્મને પ્રેરણા સમાન છે. અહી એક અદ્રસ્ય થતાં માનવ પરની વાર્તા છે. આ પેહલા પણ હિન્દી સિનેમા માં આવી કહાની ને સમરૂપ ફિલ્મ બની ચૂકી છે, પણ તે સફળ રહી ના હતી. આ ફિલ્મમાં તે સમયે આધુનિક કહી શકાય તેવી ટેકિનકનો ઉપયોગ થયો છે. તે સમયે આવી ટેકિનકમાં ફિલ્મ બનાવવી થોડી ખર્ચાળ સાબિત થતી હતી. શાંતિ લાલ સોનીના નિર્દેશન અને લેખન અને, સી.એમ.ઠક્કરના નિર્માણમાં આ ફિલ્મ બની હતી. અડિટિંગ શ્યામની, સંવાદ આર પી આશક ના, રોકી ફોન્સેસની સિનેમા ઓટો ગ્રાફી, આંનદ બક્ષી અને અશદ ભોપાલીના લખેલ ગીતો, અને લક્ષ્મી કાન્ત પ્યારે લાલનું સફળ અને મધુર સંગીત જેમાં




લતાજી, અને કિશોર દા ના મધુર સ્વર સાથેની આ ફિલ્મમાં કિશોર કુમાર, કુમ કુમ, રણધીર , લીલા મિશ્રા, મોહન ચોટી, ટૂન ટૂન, પોલસન, જીવન કલા, અને મદન પૂરીએ અભિનય આપ્યો હતો. કહાની એવી છે કે, કિશોર એક ઉમદા કવિ છે, તે એક નાટક મંડળીમાં જોડાઈ જાય છે, અને ત્યાં તેનો પરિચય કુમ કુમ સાથે થાય છે, જે એક સારી અભિનેત્રી અને નૃતયાંગના છે. બન્ને વચ્ચે પ્રણય સંબંધ બંધાઈ જાય છે, કિશોર તો દિલનો એટલો ભોળો છે કે તે તેની માતાને કુમ કુમ તેની પત્ની જ બનશે ત્યાં સુધી કહી દે છે. કુમ કુમ ના પિતા રણધીર એક મહાન વૈજ્ઞાનિક છે, જે અલગ અલગ પરીક્ષણ કરી રહ્યા છે, એક વાર એક પરીક્ષણમાં તેના દ્વારા એક માનવીની હત્યા થઈ જાય છે, અને તેનો સાથી મદન તેને તેમાંથી બચાવે છે, તેના બદલા માંમદન રણધીર પાસેથી રૂપિયા મેળવતો રહે છે, અને તેને બ્લેક મેલ કરતો રહે છે, મદનની દાનત સારી નથી, તે કુમ કુમ સાથે લગ્ન કરી, રણધીરના તમામ આવિષ્કારો મેળવવા માંગે છે, જેમાં મનુષ્ય અદ્રશ્ય થઈ શકે તે પણ છે. મદન એક યુવતીને મોહજાળમાં ફસાવી રાખી છે તેવો વ્યભિચારી પણ છે. કુમકુમ કિશોરની મુલાકાત રણધીર સાથે કરાવે છે, પણ કુમ કુમ અને રણધીર મદન ની ધમકી થી ડરી કિશોરના પ્રેમનો સ્વીકાર કરતાં નથી. કિશોર આત્મહત્યા કરવાનું નક્કી કરે છે, અને રણધીરને ત્યાં થી અદ્રશ્ય થવાની ઔષધિ જેને જેર સમજી લઈ લે છે, અને તે ઔષધિ પીતા જ કિશોર અદ્રશ્ય થઈ જાય છે. પણ તે તેની માતા અને કુમ કુમ સહિત તમામ લોકોને મળતો રહે છે, તમામ લોકો કિશોરને મૃત્યુ પામેલ માને છે, અને તેનો આત્મા ભટકી રહ્યો છે, તે માને છે. પણ રણધીરને કિશોર બાબત ખબર પડતાં તે કિશોરને ફરી બીજી ઔષધિ આપી મૂળ સ્વરૂપમાં લાવે છે, અને કુમ કુમનો હાથ પણ આપે છે, અને તે બન્નેને ગુમ થવાની અને પરત આવવાની ઔષધીઓ આપે છે, પણ મદન તે કિશોરને દગો કરી પકડી લે છે, રણધીરને પણ પકડી લે છે, અને રણધીર જે વ્યક્તિની તેણે હત્યા કરી છે, તેવું માને છે તેણે જીવિત જુવે છે, અંતે કિશોર મદનની જાળ માંથી બહાર આવી તેને સજા આપે છે. અને કુમ કુમ સાથે વિવાહ કરે છે. ફિલ્મ કોમેડીથી ભરપૂર છે, સાથે કિશોર દા ના સ્વરના ગીત. મેરે મેહબૂબ કયામત હોગી.. અને લતા જી સાથે ના યુગલ ગીત ખૂબસૂરત હસીના.. જા ને જા જાનેમનથી યાદ કરાય છે. કિશોરની ગાયિકીનો ઉમદા અનુભવ અહી સાંભળવા મળે છે. તો કિશોરની ઓરીજનલ સ્ટાઈલમાં રૂકજા.. ગીત પણ યાદગાર છે. ફિલ્મ એવેરેજ સફળ રહી હતી. દાલ મે કાલા – સત્યેન બોઝના નિર્દેશન માં, અને બિપિન ગુપ્તાના નિર્માણ માં, રાજા મહેંદી અલી ખાન ના ગીત અને સી.રામચંદ્રના સંગીતમાં કિશોર કુમાર, નિમ્મી, અભિ ભટા ચાર્ય, બિપિન ગુપ્તા, આગા, સજ્જન, મારૂતિ, ટૂન ટૂન, કેષ્ટો મુખર્જી, સુંદર, શમ્મી, સુલોચના, મોહન ચોટી, અને ઓમ પ્રકાશથી અભિનીત આ કોમેડી ફિલ્મ સફળ ના રહી. બેરોજગાર યુવાન કિશોરને બિપિન એક પ્રોફેસર સમજી ઘર લાવે છે, કારણ તેની દીકરી નિમ્મીના લગ્ન તે પ્રોફેસર સાથે કરવા માંગે છે, પ્રોફેસર અભિ એ ઓમ પ્રકાશના સંપર્કમાં આવે છે, અને તે અભિ ને એક ગાયક સમજે છે. અંતે સત્ય બહાર આવે છે, પણ બિપિન નિમ્મી અને કિશોરના પ્રણય સંબંધ માન્ય રાખે છે. ફિલ્મમાં કિશોર સાથે કોમેડિયનોની ફોઝ છે, પણ ફિલ્મ સફળ ના રહી. આગામી અંકમાં સંગીત મય સફળ ફિલ્મની વાત કરીશું. આભાર.

# *આયુ : કામયમાનેન ધર્માર્થસુખસાધનમ । આયુર્વેદોપદેશેષુ વિધેય : પરમાદર ॥*

અર્થાત, ધર્મ, અર્થ અને સુખના સાધનરૂપ આયુષ્યની જે ઈચ્છા રાખતો હોય, તેણે આયુર્વેદશાસ્ત્રના ઉપદેશો ઉપર અત્યંત આદર રાખવો, અર્થાત તે શાસ્ત્ર સારી રીતે સમજવું અને તે પ્રમાણે કરવું

નમસ્કાર મીત્રો,

આયુર્વેદ એ માત્રા સંપુર્ણ ચિકીત્સા પધ્ધતી ન હોતા જીવન જીવવાની પધ્ધતી શીખવાડતું શાસ્ત્ર છે આજે જયારે તેનો પ્રચાર – પ્રસાર વધ્યો છે ત્યારે આયુર્વેદ બાબતે લોકોમા પ્રવર્તતી ગેરમાન્યતા વિશે ચર્ચા કરીશું..

**બધી જ દવા 'દવા' નથી હોતી :–** આજની ચર્ચા મારી પાસે આયુર્વેદ સારવાર માટે આવેલા એક કેસ થી કરીશુ,


અંદાજે એકાદ વર્ષ પહેલા મારી પાસે સુલતાનપુર ગામથી ગીતાબેન (દર્દીનું નામ બદલાવેલ છે ) આવેલા, ગીતાબેનને આખા શરીરના બધા જ સાંધામાં દુખાવો અને સોજો હતો, મે તેમને તપાસ્યા અને અમુક જાતના રીપોર્ટસ કરાવ્યા બાદ આમવાત (Rhuemetoid arhritis) આવા નિદાન ઉપર આવ્યા, મે તેમને તેમના રોગ વિશે અને તેમાં રાખવાની પરેજી (આહા – વિહારની કાળજી) વિશે સમજાવ્યા અને પંદર દીવસ પછી ફરી બોલાવ્યા, પંદર દીવસ બાદ પણ તેમની તકલીફમાં કાઇ સુધારો જણાયો નહી, ફરીવાર ભારપુર્વક મે તેમને પરેજી વિશે સમજાવ્યા અને જરૂર પડે હોસ્પીટલમાં દાખલ થઇ પંચકર્મ સારવાર કરાવવાનુ સુચન કર્યુ. ગીતાબેન હોસ્પીટલમાં દાખલ થઇ સારવાર લેવાની ના કહી, આમને પંદ – પંદર દીવસે લગભગ ત્રણ મહીના સુધી મારી પાસે સારવારમાં આવ્યા તેના રોગમાં જોઇએ તેવો સુધાર જણાયો નહી, મને એવુ લાગ્યુ કે હુ જે પરેજી સમજાવુ છુ તે ગીતાબેન બરાબર રાખતા નથી. ત્યારબાદ તેમણે દવા લેવા આવવાનું બંધ કરી દીધુ. અને અચાનક લગભગ છ મહીના પછી ફરી પાછા આવ્યા, આ વખતે તેનુ વજન મને પહેલા કરતા વધી ગયેલુ અને ગાલ ફુલી ગયેલા જણાયા,

મે ગીતાબેનને તેમની તકલીફ વિશે પુછયુ, મારી સામે જોઇ એક સ્મિત વેર્યુ અને જાણે મને કોઇ મંત્ર શીખવાડતા હોય એમ કહેવા લાગ્યા કે 'સાહેબ' તમારી દવા થી મને સારૂ ન થયુ એટલે માલવણ ગામે એક મોટું નામ ધરાવતા એક 'વૈધ' પાસે હું ગઇ, સાહેબ ગામે – ગામથી ત્યા દર્દીઓ આવે છે અને લાઇનમાં વારો આવે છે, પછી મને જાણે પોતાને મળી ગયેલી કોઇ જાદુઇ




ચીજ બતાવી રહ્યા હોય તે રીતે ખુશીથી તેમના પોટલામાથી એક પ્લાસ્ટિકની કોથળીમાં રાખેલી અમુક ગોળીઓ બતાવવા લાગ્યા, મને કહે સાહેબ આ ગજબની દેશી દવા છે. એક જ દિવસમાં મારા સાંધાનો દુખાવો ગાયબ થઇ ગયો. આ પહેલા હુ બહુ ઉભી પણ રહી શક્તી નહી હવે આ દવા લીધા પછી હુ દોડવા માંડી છુ. વૈધરાજની સલાહ છે કે ગોળીઓ ચાલુ જ રાખવી. તમે પણ જો આવી કોઇ દેશી દવા આપો તો બહાર લોકોની લાઇન લાગશે. એમની નાદાની પર મને હસવું આવ્યું, પણ મે રોકયુ અને એમની એ મહાન દેશી દવા તરફ નજર કરી, ગુલાબી, લીલી, સફેદ અને ભુખરી સફેદ જવ ના દાણા જેવી ચારેક પ્રકારની હાથેથી જાણે ગોળ વાળીને બનાવી હોય તેવી એ ગોળીઓ જોતાં જ ખ્યાલ આવી ગયો કે એ કોઇ દેશી દવાઓ નથી પણ આયુર્વેદીક – દેશીના નામે વેંચાતી પેઇનકિલર કે એ થી પણ વધુ પાવર ધરાવતી સ્ટીરોઇડ દવાઓ હોઇ શકે. આ દવાઓની સાઇડ ઇફેકટસ અને કુખ્યાતિને જોતા મારી કલમ આ વિષય તરફ દોડતી થઇ.

મે બેનને પુછયું કે તમને આ દવાથી સારૂ છે તો પછે મારી પાસે કેમ આવ્યા, મને કહે સાહેબ દુખાવામાં તો ખુબ સારૂ છે પણ આ ચામડી જુવોને, આખા શરીરમાં તેમને લોહી વિકાર થયેલું જણાયુ. આજના સમયમાં જયારે આયુર્વીદીક દવાઓનું ચલણ વધતું જાય છે ત્યારે મેટ્રિક પણ પાસ ન કર્યુ હોય તેવા આપણાં આરોગ્યના રક્ષક બની બેઠેલા ઉંટવૈધોનો સમુદાય પોતાનું માથું ઉંચુ કરી રહ્યો છે અને દુર્ભાગ્યવશ સમાજનો દરેક કક્ષાની વ્યક્તિ જાણે અજાણે, અજ્ઞાનવશ આવા ધુતારાઓ પાસે પોતાના જીવન માટે સૌથી અગત્યના એવા તેમના શરીર માટે ઉપચારો કરાવી રહી છે. હાસ્યાસ્પદ સ્થિતિ તો એવી છે કે આપણે સામાન્ય ખરીદીઓ કરવા જઈશું તો પણ એક એક વસ્તુ બરોબર જોઈને, પારખીને લેશું અને અહી પડીકામાં પેક



કરીને આપી દિધેલી દવા વિષે કોઇ પણ પ્રશ્ન પણ નહીં કરીએ, હવે જાણીએ આ દવાઓ વિશે મોટા ભાગના ગામડાઓ માં તથા શહેરોમાં આયુર્વેદની ડિગ્રી લીધા વિના ના અને પોતાને વૈધ ગણાવતા લોકો ખાસ કરીને વિવિધ પ્રકારના દુખાવાઓ માટે આ પ્રકારની દવાઓ દેશી દવાઓ તરીકે આપવામાં આવે છે. આપણાંમાથી ઘણા ખરા લોકોએ ઉપર જણાવેલી ગુલાબી, ભુખરી, સફેદ અને લીલા જેવા રંગો વાળી ગોળીઓ જોઇ જ હશે જેમના પર નથી કોઇ નામ કે નથી આપવામાં આવી ઉપયોગ સંબંધિત કોઇ સુચનાઓ કે એમાં ઉમેરવામા આવેલ દવાઓની માહિતી. હકીકતમાં આ દવાઓ માં સ્ટીરોઇડસ ઉમેરવામાં આવે છે. સ્ટેરોઇડ દવાઓ વિવિધ પ્રકારની હોય છે, પણ સરળ ભાષામાં સમજીએ તો માણસને મરતો બચાવવા આ દવાની શોધ થઇ, એલોપેથીમાં પણ આ દવાની આડ અસરોને કારણે અત્યંત આવશ્યક હોય ત્યારે જ ઉપયોગ કરવામાં આવે છે અને તે પણ એકદમ ઓછી માત્રામાં (ટેપર ડોઝમાં એટલે કે ઘટતા ક્રમમાં દવા આપવાની) પરંતુ આ ઉંટવૈધો દ્વારા મનફાવે એવા ડોઝમા જે રીતે આપવામાં આવે છે કે એ પ્રકારે તેનો ઉપયોગ તબીબ શાસ્ત્રમાં જણાવાયો જ નથી. તમને દુખતુ મટે એટલે તમે એ લેવાનું શરૂ કરી દો છો પણ તમે એ જાણતા નથી કે તમારા શરીરના સૌથી અગત્યના દરેક અવયવને તમે નબળા પાડી રહ્યા છો અને આમ જીંદગીનો સમય ઓછો કરી રહ્યા છો 'દુખ અથવા પેઇન' એ ઈશ્વર દ્વારા શરીર ને મળેલુ વરદાન છે કે જેના દ્વારા જ આપણને ખ્યાલ આવે છે કે શરીરનો કોઇ અવયવ બીમાર છે અથવા અસામાન્ય અવસ્થામા છે અને આપણે તેને સાજો કરવાનો છે. હા એ જયારે અમુક કક્ષાએ થી વધી જાય ત્યારે તેનું શમન ના થાય તો એના ગંભીર પરિણામો આવે એ અલગ વાત છે. જો દુખશે નહીં તો આપણે પોતાની જાત ને પણ નહીં ગણકારીએ. સ્ટેરોઇડસની સાથે તેમાં પેઇનકીલર દવાઓ પણ ઉમેરવામાં આવે છે. હવે આ પેઇનકીલર દવાઓ મગજને દુખાવાના સિગ્નલ પહોચાડતા જ્ઞાનતંતુઓને શાંત કરી દે છે અને જેથી આપણુને દુખતુ બંધ થઇ જાય છે, પરંતુ જેને કારણે દુખાવો થયો એ કારણ તો ત્યાં જ ઉભું છે. એનો કોઇ ઉપચાર થતો નથી અને જેથી કયારેક પરિસ્થિતી વધુ ખરાબ થાય છે.

અહીં સવાલ ફક્ત ઉંટવૈધોની 'માલ પ્રેકિટસ'નો નથી, પરંતુ સમાજમાં આયુર્વેદ જેવા અમુલ્ય આરોગ્ય શાસ્ત્રો માટે પ્રવર્તતી ગેરમાન્યતાઓનો પણ છે. આપણે આયુર્વેદને બહુ 'ઈઝી ગોઈંગ' સમજી લીધુ છે અને જેથી જ આવા લોકો પાસે જતાં આપણને ડર નથી લાગતો અને 'દેશી' કે 'આયુર્વેદીક'ના નામે કંઈપણ લેવાનુ શરૂ કરી દઈએ છીએ. કોઈપણ વૈધ(આજના યુગમાં આયુર્વેદ ડોકટર) પાસે જાઓ ત્યારે તેમની પાસે બી.એ.એમ.એસ./બી.એસ.એ.એમ. કે એમ. ડી. (આયુર્વેદ) જેવી કોઈ સરકાર માન્ય કોલેજ અને યુનીવર્સીટીની ડીગ્રી છે કે બસ એમ જ બે ચાર આયુર્વેદના ગ્રંથો વાંચીને પોતાને વૈધ સમજવા માંડયા છે તે જોવુ,

આવા તો ઘણા મુદાઓ આજે આયુર્વેદના વિકાસ અને તેને સાચી રીતે સમાજ સુધી પહોચાડવામાં નડતર બની રહ્યા છે.

આયુર્વેદ જેવા મહાન જ્ઞાનના નામનો દુરઉપયોગ કરીને લાલચુ ધંધાર્થીઓ લાખોની કમાણી કરે છે અને સમાજના અમુલ્ય આરોગ્યને જોખમમાં નાખે છે. એક તરફ આપણે સામાજીક આરોગ્યને વધુ ને વધુ સારૂ બનાવવા નવા – નવા નિયમો લાગુ કરતા જઈએ છીએ અને બીજી તરફ આવી જોખમી દવાઓ બેરોકટોક વેંચાઈ રહી છે, જે વાતનો સમગ્ર આયુર્વેદ સમાજને ખેદ છે.

# *** આ સમયનું સત્ય***





આજના બદલાતા સમયમાં માણસ ક્ષણે ક્ષણે બદલાઈ રહ્યો છે. આજે દરેક વ્યક્તિ વિકાસ પાછળ દોડી રહ્યો છે. અને આ વિકાસ એટલે આર્થિક સધ્ધરતા, સામાજિક માન, પદ કે પ્રતિષ્ઠા, લોકચાહના અને સમાજમાં પોતાની વાહવાહી મેળવવાની ઝંખના પાછળ માણસ અવિરત ભાગ્યા કરે છે. પોતાની કોઈને કોઈ કુશળતા, આવડત કે હોશિયારીને લોકો સમક્ષ મુકવા અને એની કદરને મૂલ્ય મેળવવા તે કેટ કેટલુંય કરે છે. જોકે પોતાની ભીતર રહેલી કોઈપણ આવડતને તેનું યોગ્ય મૂલ્યને સન્માન મળે એ તો દરેક વ્યક્તિ ઈચ્છે છે અને મળવું પણ જોઈએ. તો એના માટે પ્રયત્નો કરવા એમાં કંઈ ખોટું નથી. પરંતુ આ દોડમાં આપણી આસપાસ ઘણા બધા માણસો બીજા દરેક ક્ષેત્રે વિકસવા માટે ઘણી વખત કોઈ પણ તરકીબ અપનાવે છે. અને ત્યારે વિવિધ રીતે ગમે એટલો વિકાસ થાય પણ માનવીય ગુણોનો વિકાસ ખોરવાઈ જતો હોય છે.

ઘણી વખત આવી વ્યક્તિઓ પોતાના માનસિક વિકાસ અને વ્યક્તિત્વના વિકાસને અવગણીને માત્ર અલ્પ સમયના છીછરા વિકાસ પાછળ દોડતી હોય છે. અને ઘણી વખત તો કેટકેટલીય વ્યક્તિઓ અન્યની આવડત, અન્યની મહેનત કે અન્યના કામની કિંમત ને કદર પોતાના નામે ચડાવી પોતાની એ આદતને જ પોતાની આવડત માની બેસે છે. વળી એ આવડતને સિદ્ધ કરવા સતત કાર્યરત રહે છે. એ માટે તે અન્યના હકની કદર કે કિંમત ઝૂંટવીને પોતાની જાતને મહાન કરવા કટિબદ્ધ રહે છે. ત્યારે આપણી જ આસપાસ આવા કેટ કેટલાય લોકો હોય છે. તેને ઓળખી લેવા ખૂબ જરૂરી છે. નહીંતો આવા લોકો તમને પ્રલોભનના પ્રપંચમાં ફસાવી પોતાનું કામ કઢાવી તમારી મહેનતનો શ્રેય પોતાના નામે નોંધાવી એને પોતાની જીત માને છે. કારણ કે એની આવડત કહો કે કુશળતા જે કહો તે આ એક આદત જ હોય છે કે કોઈની પાસે મહેનત કરાવી તેનો શ્રેય પોતાના નામે ચડાવી દેવો.

આવા લોકો દરેક ક્ષેત્રે આપણને મળી જશે. પછી તે પારિવારિક હોય, સામાજિક હોય કે વ્યવસાયિક હોય. દરેક જગ્યાએ આવા માણસો હોય છે જે તમારા સરળ અને ભલા સ્વભાવને તમારી મૂર્ખતા સમજે છે. તો આવા લોકોથી બને એટલી દુરી રાખવી. કારણ કે સંગ એવો રંગ લાગે છે. તો આવા લોકોના સંગથી દૂર રહેવું. વળી યાદ રાખીએ કે કર્મ કયારેય સરનામું ભૂલતું નથી. એટલે આવી વ્યક્તિએ પ્રપંચથી પડાવી લીધેલ કોઈના હકની કદર, કિંમત કે પ્રતિષ્ઠા ખૂબ અલ્પ સમયની હોય છે. કારણ કે સત્યનો સૂરજ સમય આવે એક ચોક્કસ પ્રકાશે છે.

આવી વ્યક્તિએ પણ યાદ રાખવું જોઈએ કે, ઉછીના તેજનું અજવાળું ખૂબ અલ્પ સમયનું હોય છે. પડાવી લીધેલ અણહકની કોઈ પણ ચીજનો હિસાબ એક દિવસ ચોક્કસ ચૂકવાય છે. વળી માણસના હિસાબમાં ભૂલ થઈ શકે પણ કુદરતનો હિસાબ સંપૂર્ણ અને સચોટ હોય છે.

# રાજુલા કોસ્ટગાર્ડ સ્ટેશન ખાતે ઓપરેશન શીલ્ડ અંતર્ગત ડ્રોન એટેકની મોકડ્રિલ કરવામાં આવી



ઓપરેશનસિંદૂરઅંતર્ગત નાગરિકોનેસચેતરાખવાનાહેતુથીઅને આપત્તિની કોઈપણ પરિસ્થિતિમાં સજાગ રહી અને બનતી ત્વરાએ રિસ્પોન્સ આપવાના હેતુથી રાજય સરકારદ્વારા 'ઓપરેશનશીલ્ડ'અન્વયે સૂચના આપવામાં આવી હતી. ' ઓપરેશન શીલ્ડ' અંતર્ગત અમરેલી જિલ્લાના રાજુલા–જાફરાબાદ દરિયાઈ તટીય વિસ્તારમાં પીપાવાવ કોસ્ટ ગાર્ડ સ્ટેશન ખાતે ડ્રોન એટેકની મોકડ્રિલ યોજવામાં આવી હતી. નિર્ધારિત સમયે કોસ્ટગાર્ડસ્ટેશનનાવાયરલેસસેટપરથી ડ્રોન હુમલાનો સંદેશો ફાયર બ્રિગેડ, રાજુલા પોલીસ સ્ટેશન, ૧૦૮ તેમજ સ્ટેશનકમાન્ડરનેમળ્યોહતો. હુમલાનો સંદેશો મળતાનીસાથે જ ફાયર બ્રિગેડ, એસ.ઓ.જી. પોલીસઅમરેલી, રાજુલા પોલીસ, ૧૦૮, રાજુલા તાલુકા મામલતદાર સહિતના અધિકારી અને કર્મયોગીઓ તથા આપત્તિ વ્યવસ્થાપનનાયુનિટની કર્મયોગી ટીમે તાત્કાલિક રિસ્પોન્સ આપી અને રાહત બચાવ કામગીરી આરંભી હતી. જેના અંતર્ગત કોસ્ટગાર્ડના મોકડ્રિલમાં ઈજા પામેલાજવાનોનેત્વરિતમેડિકલસહાય આપીઅનેહોસ્પિટલખાતેખસેડવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ હુમલાની વિગત મળતાની સાથે જ પોલીસવિભાગદ્વારાસુરક્ષા બંદોબસ્તસઘનકરીદેવામાંઆવ્યોહતો. આ મોક ડ્રિલ આપત્તિ વ્યવસ્થાપન વ્યવસ્થાઓને સુદ્દઢ બનાવવા તેમજ નાગરિકોને સજાગ કરવાના હેતુથી યોજાયેલી હોવાથી, નાગરિકોને ગભરાવવા તેમજ ખોટી અફવાઓથી દૂર રહેવામાટેઅનુરોધકરવામાંઆવ્યો હતો. આમોકડ્રિલઅન્વયેજિલ્લાકલેકટર અજય દહિયા, રાજુલા – જાફરાબાદ પ્રાંત અધિકારી ડો. મેહુલ બરાસરાએ જરૂરીદિશાનિર્દેશોઅનેમાર્ગદર્શન પૂરા પાડયા હતા. રાજુલા તાલુકા મામલતદાર એસ.ઓ.જી. પી.આઈ. ચૌધરી, ફાયર બ્રિગેડ, ૧૦૮ સહિતની સેવાના અધિકારી તેમજ કર્મયોગીઓ ફરજ પર ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની ૩૦૭ ગ્રામ પંચાયતોની

અમરેલી જિલ્લામાં ૩૦૭ ગામોમાં પંચાયતની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ માટે સોમવારથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થશે. જેના કારણે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. તો બીજી તરફ બગસરામાં ચૂંટણી વધુ એક વખત લંબાઈ છે.

અમરેલી જિલ્લામાં બે કરતા પણ વધારે વર્ષોથી ગ્રામ પંચાયતોની ચૂંટણી અદ્ધરતાલ હતી અને ધારાસભાની તથા લોકસભાનની ચૂંટણી પુર્ણ થઈ જવા છતા પણ ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત થઈ ન હોતી. અનામત બેઠકોનું કોકડું ઉકેલાયા બાદ અંતે અમરેલી જિલ્લામાં ૩૦૭ ગામડાઓમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ માટે તા. ૨ના સોમવારના રોજ વિધિવત રીતે કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે અને આ જ દિવસથી ઉમેદવારીપત્રો ભરી શકાશે. અમરેલી જિલ્લામાં મોટા ભાગના ગામોમાં ચૂંટણીના વિવાદોના બદલે સમરસતાથી ચૂંટણી યોજવામાં આવે તે માટે રાજકીય આગેવાનો દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ભાજપના બહુમતીવાળા ગામો સમરસ બને તેવી શકયતા છે.

આ વચ્ચે બગસરા તાલુકાના ૨૯ ગામોમાં ચૂંટણી યોજવાની બાકી છે. તેમાં ચૂંટણી જાહેર થવાની હતી પણ વિસાવદર વિધાનસભા બેઠકની ચૂંટણી જાહેર કરવામાં આવી છે તેમાં બગસરા તાલુકાના ગામોનો પણ સમાવેશ થાય છે. આ કારણે બગસરા તાલુકાના આ ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી મૂલતવી રાખવામાં આવી છે. તેથી ત્યા ગ્રામ પંચાયતોની ચૂંટણી પાછળથી યોજવામાં આવશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૦૪૧ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૨૪ | ૧૦૮૩ |
| ૩ | શિંગ મોટી | ૯૨૦ | ૧૦૬૭ |
| ૪ | શિંગદાણા | ૧૩૩૪ | ૧૮૫૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૪૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૬૩૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૩૪૯૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૨૨૦ |
| ૯ | બાજરો | ૪૪૨ | ૪૪૨ |
| ૧૦ | જુવાર | ૪૨૦ | ૮૮૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૫૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૪૩ | ૫૩૩ |
| ૧૩ | મકાઈ | ૪૦૫ | ૪૦૫ |
| ૧૪ | મગ | ૯૧૦ | ૧૫૪૫ |
| ૧૫ | ચણા | ૬૦૦ | ૧૦૮૯ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૧૨૨ |
| ૧૭ | ચણા સફેદ | ૬૦૦ | ૧૦૮૪ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૦૦ | ૧૪૯૦ |
| ૧૯ | તુવેર | ૮૨૫ | ૧૨૫૨ |
| ૨૦ | કપાસ | ૮૦૦ | ૧૫૪૬ |
| ૨૧ | એરંડા | ૧૧૩૨ | ૧૨૨૭ |
| ૨૨ | જીરૂ | ૨૪૫૦ | ૩૭૫૦ |
| ૨૩ | રાયડો | ૯૮૦ | ૯૮૦ |
| ૨૪ | રાય | ૧૦૯૮ | ૧૨૩૫ |
| ૨૫ | ધાણા | ૧૧૨૦ | ૧૩૦૫ |
| ૨૬ | ધાણી | ૧૨૦૦ | ૧૩૩૮ |
| ૨૭ | અજમા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨૮ | મેથી | ૭૫૦ | ૮૮૨ |
| ૨૯ | સોયાબીન | ૫૮૬ | ૮૦૦ |
| ૩૦ | કાંગ | ૧૫૧ | ૪૬૨ |

## અમરેલી : ઓપરેશાન શિલ્ડ અન્વયે અંધારપટ (બ્લેકઆઉટ)માં નાગરિકો સ્વયંભૂ જોડાયા



અમરેલી, તા. ૩૧

ઓપરેશન સિંદૂર બાદ નાગરિકોને સચેત તેમજ જ્ઞાત કરવાના ઉદ્દેશ્ય સાથે તકેદારીના ભાગરૂપે ઓપરેશન શીલ્ડ અન્વયે અમરેલી જિલ્લામાં તા.૩૧ મે, ૨૦૨૫ને શનિવારના રોજ રાત્રે ૮ થી રાત્રે ૮:૩૦ વાગ્યા (૩૦ મિનિટ) સુધી તમામ તાલુકા મથકો, નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારો સહિત અમરેલી જિલ્લામાં બ્લેક આઉટ એકસરસાઈઝ યોજાઈ હતી. ઓપરેશન સિંદૂર બાદ નાગરિકોને સચેત તેમજ જ્ઞાત કરવાના ઉદ્દેશ્ય સાથે ઓપરેશન શિલ્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લેક આઉટ એકસરસાઈઝ (અંધારપટ)ના ભાગરૂપે અમરેલી જિલ્લાના નાગરિકોએ સ્વંયભૂ ઘર, વ્યવસાયના સ્થળો સહિતની જાહેર જગ્યાઓ પર લાઈટ બંધ રાખી હતી. મહત્વનું છે કે, તકેદારીના ભાગરૂપે ઓપરેશન શીલ્ડ અંતર્ગત શનિવારે બ્લેકઆઉટ એકસરસાઈઝ યોજી નાગરિકોને જાગૃત્ત તેમજ ઓપરેશન શિલ્ડ અને તેના મહત્વ અને જરૂરિયાત બાબતે સમજૂત કરવા માટે રાજય સરકારની સૂચના હતી. આ અન્વયે અમરેલી જિલ્લાના, ડેમ, ઔદ્યોગિક એકમોની પ્રોડકશન સિવાયની સાઈટ તેમજ રહેણાંક મકાનો, વ્યવસાયિક એકમો સહિત તમામ મહત્વના સ્થળો પર સ્વયંભૂ બ્લેક આઉટ હતું. જિલ્લાના તમામ ડેમ અને જે સ્થળોએ સાઈરન છે તેવા સ્થળોએ રાત્રિના ૮:૦૦ કલાકે સાઈરન વાગ્યા હતા. જોકે, આ સમયે પણ જિલ્લામાં હોસ્પિટલ દવાખાનાઓ અને આવશ્યક સેવાઓ સહિત ઈમરજન્સી તમામ સેવાઓ વિના વિક્ષેપ યથાવત રીતે શરૂ રહી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૮૦ | ૧૨૪૭ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૩ | શીંગ નવી | ૯૦૦ | ૧૦૨૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૧૦ |
| ૬ | તલ કાળા | ૨૭૫૦ | ૩૬૬૦ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૪૦૫૨ |
| ૮ | કપાસ | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૬૫ |
| ૧૧ | બાજરો | ૩૨૫ | ૫૦૧ |
| ૧૨ | જુવાર | ૫૫૦ | ૮૩૦ |
| ૧૩ | મકાઈ | ૩૯૫ | – |
| ૧૪ | મગ | ૧૧૫૦ | ૧૬૦૩ |
| ૧૫ | અડદ | ૧૩૦૧ | – |
| ૧૬ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૭ | તુવેર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૩ |
| ૧૯ | મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૧ | ધાણા | ૯૫૦ | ૧૨૧૦ |
| ૨૨ | સોયાબીન | ૭૦૦ | ૭૭૮ |

### ચૈતન્ય સ્વામી પરિવાર દ્વારા

## બાબરા ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહૂતી

### પૂર્ણાહૂતી બાદ યજ્ઞનું પણ આયોજન થયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૧

બાબરામાં ચિત્રકૂટ સોસાયટીમાં મનહરદાસ ચૈતન્યસ્વામી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું મુંબઈના શાસ્ત્રી દિનેશભાઈ પંડયાના કથા વ્યાસાસાને સગીતમયશૈલીમાં કથાનું રસપાન મોટી સંખ્યામાં ભાવિકો કરી ધન્યતા અનુભવી હતી દરરોજ વિવિધ ધાર્મિક અને પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી તેમજ રૂક્ષ્મણી વિવાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના લોકો દ્વારા ભગવાન કૃષ્ણની જાનજોડી ભગવાન કૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

તેમજ દરરોજ મહાપ્રસાદ અને રાત્રીના નામી અનામી કલાકારો દ્વારા ભકિત સંગીતના કાર્યક્રમ રજુ કરવામાં આવતા હતા. જેનો લાભ પણ શહેરના લોકોએ મોટી સંખ્યામાં મેળ વ્યો હતો. કથાની પૂર્ણાહુતી બાદ ભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

અહીં આયોજન ભગીરથ કાર્યમાં સેવા આપી હતી તેવા તમામ માનસ સેવકોનું ચૈતન્ય સ્વામી પરિવાર દ્વારા શાલ શિલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૦૩૦ |
| ૪ | જીરૂ | ૨૮૩૦ | ૩૮૯૦ |
| ૫ | ઘઉં | ૪૬૯ | ૫૧૧ |
| ૬ | તલ સફેદ | ૧૬૧૦ | ૧૯૮૦ |
| ૭ | તલ કાળા | ૨૮૮૦ | ૩૨૦૦ |
| ૮ | ચણા | ૧૦૫૪ | ૧૦૯૦ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ૧૦ | બાજરો | ૪૩૫ | ૪૯૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૪૯૫ |
| ૩ | ધાણા | ૯૯૦ | ૧૧૨૫ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૬ | શીંગદાણા | ૧૧૨૫ | ૧૨૫૦ |
| ૭ | મગફળી | ૮૨૦ | ૮૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૨૬૦ | ૧૫૫૧ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૭૮૦ |
| ૧૦ | તલ કાળા | ૧૫૨૦ | ૨૭૧૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૪૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૯૯૧ |
| ૨ | તલ સફેદ | ૧૩૧૫ | ૨૦૬૧ |
| ૩ | તલ કાળા | ૩૨૫૧ | ૩૩૦૧ |
| ૪ | તલ પીળા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| ૬ | બાજરો | ૩૮૦ | ૫૨૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૨૫ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૯૬૦ |
| ૯ | મકાઈ | ૫૫૪ | ૫૫૪ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૧૬૭૩ |
| ૧૨ | તુવેર | ૧૧૨૫ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૭૮ |
| ૧૪ | સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |
| ૧૫ | રાય | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૧૬૧ |

# અમરેલી ખાતે ડાયમંડ એસોસીએશન દ્વારા "GJEPC" કાર્ડનુ વિતરણ



અમરેલી ખાતે જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા "GJEPC" કાર્ડ વિતરણનો કાર્યક્રમ સાંસદ ભરત સુતરીયા, નાયબ દંડક કૌશિક વેકરીયા, ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલીતભાઈ ઠુંમરની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મોટી સંખ્યામાં રતન કલાકારો, કારખાનેદારો અને હીરાના વેપારીઓ અને દલાલો ઉપસ્થિત રહ્યા હતા.

## સમગ્ર રઘુવંશી (લોહાણા) સમાજમાં ઉત્સાહનો માહોલ

# અમરેલીનાં નવયિુકત લોહાણ મહાજન પ્રમુખ ડો. કાનાબારની આજે રકતતુલા કરાશે

**લોહાણા વિદ્યાર્થી ભવન દ્વારા છેલ્લા ૪ દિવસથી રકતદાન કેમ્પનું આયોજન રેડક્રોસ ખાતે કરાયુ હતું**

**દરરોજ મોટી સંખ્યામાં રકતદાતાઓ રકતદાન કરીને ડો. કાનાબાર પ્રત્યે પોતાની લાગણી વ્યકત કરી**

**આજે સાંજે લોહાણા સમાજનાં અગ્રણીઓની ઉપસ્થિતિમાં રકતતુલા કરવામાં આવશે**

**કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા સમાજનાં યુવાઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે**



અમરેલી, તા. ૩૧

અમરેલી લોહાણા મહાજનનાં નવનિયુકત પ્રમુખ ડો. ભરત કાનાબાર સહિતનાં હોદેદારોનાં સન્માન અને નિવૃત્ત થતાં પ્રમુખ જીતુભાઈ ગોળ વાળા સહિતનાં હોદેદારોનો ઋણ સ્વીકાર કાર્યક્રમની સંગાથે નવનિયુકત પ્રમુખ ડો. કાનાબારની રકતતુલાનો કાર્યક્રમ આવતીકાલરવિવારેસાંજે૫કલાકેલોહાણા મહાજન વાડી ખાતે યોજાઈ રહ્યો હોય લોહાણા સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




લોહાણા મહાજનનાં નવનિયુકત પ્રમુખ ડો. કાનાબારની રકતતુલા કરવાની હોય છેલ્લા પાંચ




દિવસથી લોહાણા વિદ્યાર્થી ભવનનાં હોદેદારો ધ્વારા રેડક્રોસ ખાતે રકતદાન કેમ્પનુંઆયોજનકરવામાંઆવ્યુંહતું.જેમાં લોહાણા સમાજનાંરકતદાતાઓએમોટી સંખ્યામાંઉપસ્થિતરહીનેરકતદાનકરીને ડો. કાનાબાર પ્રત્યેની લાગણી વ્યકત કરી હતી.આવતીકાલ રવિવારે યોજાનારા ચર્તુવિધ કાર્યક્રમમાં જુનાગઢના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભચાઈ મશરૂ, ખેતી બેન્કનાંરાજયચેરમેનડોલરભાઈ કોટેચા, મુખ્યમહેમાનપદેઅનેવિશેષઉપસ્થિતિ ચંદુભાઈ સુચક, શરદભાઈ આડતીયા, ચંદ્રેશભાઈ રવાણી, મહેન્દ્રભાઈ




આડતીયા, ડો.ડી.એમ.ઉનડકટ, શ્રીમતી સોનલબેન વસાણી, અનિલભાઈ રૂપારેલ, પંકજભાઈ કાનાબાર, મનોજ રૂપારેલ, પ્રદિપભાઈ રાજપોપટ, દિનેશ પોપટ, કિર્તીભાઈ રૂપારેલ અને પરેશભાઈ દાવડાની રહેશે.

આ કાર્યક્રમમાં જિલ્લાનાં તમામ શહેરોનાં લોહાણા મહાજનનાં આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનેસફળબનાવવામાટેલોહાણા વિદ્યાર્થી ભવનનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રફુલભાઈ બાટવીયાનાં માગ 'દર્શનતળે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## કોમ્પ્યુટર ઓપરેટર પોતાનાં નિયમો ચલાવતાં હોય રોષ

# પરેશાની : જાફરાબાદ ખાતે આધારકાર્ડમાં સુધારાની કામગીરીમાં જાતિનાં દાખલાનો દુરાગ્રહ

**ઉચ્ચ અધિકારીઓએ ઓપરેટરનો કાન આમળવો જરૂરી**





જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ મામલતદાર ઈ-ધરા કચેરીમાં આધારકાર્ડની સુધારાની કામગીરીમાં ઓપરેટર દ્વારા અરજદારો પાસેથી જાતિનાં દાખલાનો આગ્રહ રાખવામાં આવે છે અને નાગરિકોને બિનજરૂરી ધક્કા ખવરાવી રહ્યા છે. મામલતદાર કચેરીના ઈ-ધરા વિભાગમાં જે આધારકાર્ડની સુધારાની કામગીરી કરી રહેલ ઓપરેટર આધારકાર્ડના સુધારા માટે જાતિના દાખલાનો આગ્રહ રાખવામાં આવે છે જે બિનજરૂરી છે. પરંતુ આજ કામગીરીમાં રાજુલા મામલતદાર કચેરીમાં માત્રને માત્ર ચુંટણી કાર્ડના આધારે સુધારો કરી આપવામાં આવે છે. તો જાફરાબાદમાં આવી વિસંગતતાઓ શા માટે શું જાફરાબાદ અમરેલી જિલ્લાની બહાર છે..? ખરેખર તો અરજદાર આધારકાર્ડના સુધારા માટે પોતાનું ચુંટણી કાર્ડ રજુ કરે છે તે મુજબ સુધારો કરી આપવો જોઈએ. અરજદાર ચુંટણી કાર્ડ બતાવતા હોય તથા સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ બતાવતા હોય તે ના આધારે આધારકાર્ડમાં સુધારા કરી આપવા જોઈએ. અરજદારો શહેરી વિસ્તારમાંથી તથા ગ્રામ્ય વિસ્તારોમાં થી આવતા હોય એ પણ પોતાના ધંધા રોજગાર મુકી તથા ટીકીટ ભાડા ખર્ચીને આવતા હોય છે. ત્યાં આવા બહાના કાઢીને અરજદારોને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે અને આવી કાળઝાળ ગરમીમાં અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે. પરંતુ જવાબદાર અધિકારીઓ ધ્યાન આપતા નથી અને નાગરિકોમાં આક્રોશ વ્યાપ્યો છે.

# જાફરાબાદના જાહેર શૌચાલયમાં પ્રવેશ કરવો એટલે નર્કાગારની મુલાકાત જેવી પરિસ્થિતિ

**શહેરીજનો અવનવા કરવેરા જમા કરાવે છતાં સુવિધાના નામે શૂન્ય**

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ ખાતે આવેલ બંદર ચોકમાં યુરિનલ બ્લોક જેમાં કાયમી ધોરણે ગંદકીથી ખદબદી રહી છે. અને આ ગંદકીના લીધે નાગરિકો રાહદારીઓ મુસાફરો આ શૌચાલયની દુર્ગંધથી ઉલ્ટીઓ આવી જાય તેવી દુર્ગંધ મારી રહ્યું છે. આ યુરિનલ બ્લોક પાલિકા ધ્વારા નાગરિકોને સુવિધા તો પુરી પાડવામાં આવી છે. પરંતુ તેની દેખરેખ કે સાફસફાઈ કરવામાં આવતી નથી. નાગરિકોનાં પરસેવાના પૈસાથી ઊભી કરેલી સુવિધાની જાણવણી કરવામાં પાલિકા કરી રહી છે. આંખ આડા કાન ઘણા સમયથી ગંદકીથી ખદબદી રહેલી આ શૌચાલયમાં યુરીનલ કરવા જતાં નાગરિકો આ દુર્ગંધના કારણે મોઢે ડુચા મારવા પડી રહ્યા છે. અહી દારૂની કોથળીઓથી શૌચાલય ખદબદતી હોય તથા અંદર પ્રવેશ કરીએ ત્યાં પાટું નીચે યુરીનલ આવે તેવી હાલતમાં શૌચાલય ખદબદી રહ્યું હોય પરંતુ જવાબદાર પાલિકા ધ્યાન ઉપર કયારે આવશે. અહી જુનું બસ સ્ટેશન પોઈન્ટ હોવાથી મુસાફર જનતા તેમજ બાજુમાં આવેલ લાઈબ્રેરીના વાચકો તથા વેપારીઓ આ શૌચાલયમાં યુરીનલ કરવા માટે જતા હોય છે. અને અહીં એક શૌચાલય હોય આ શૌચાલયનો જાહેર જનતા ઉપયોગ કરતી હોય પરંતુ આ શૌચાલય ગંદકીથી ખદબદતી હોય પાલિકા ધ્વારા સાફસફાઈ કરવામાં આવતી ન હોવાથી રાહદારીઓમાંથી પાલિકા સામે આકોશ જોવા મળ્યો હતો. જાગૃત નાગરિક ધ્વારા ફોન કરી જાન કરતા હોવા છતાં જવાબદાર અધિકારીના બહેણા કામે અવાજ પહોંચતો અનેક નાગરિકો આવતા હોય છે. ત્યાં નાગરિકો માટે આવેલ શૌચાલયની અતિશય ગંદકીથી ખદબદતી હોય આ દુર્ગંધ મારતી શૌચાલયની પાલિકા ધ્વારા સાફસફાઈ કરવામાં આવશે. કે પછી હોતા હૈ. ચલતા હે તેવું અપનાવવામાં આવશે. તેવા અનેક પ્રશ્નો નાગરિકોમાંથી ચર્ચાઈ રહ્યા છે. પાલિકા ધ્વારા આ યુરિનલ બ્લોકની સાફસફાઈ કરી તેમાં ફીનાલઈ તથા ડીડીટી નાખી યુરિનલ બ્લોકની દુર્ગંધથી અહીના નાગરિકોને દુર્ગંધથી છુટકારો



આપવામાં આવશે કે પછી નર્કાગાર જેવી સ્થિતિમાં જ રાખવામાં આવશે ? આ બંદર ચોકથી શૌચાલયમાં પાણીની પણ વ્યવસ્થા નથી. તે બાબતની પાલિકા ગંભીરતા લેવામાં આવશે. સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યા છે. પાલિકા ધ્વારા કયારેક જાહેર શૌચાલયમાં પાણી ઢોળ કરવાનું નાટક કરવામાં આવી રહ્યું છે. ગંદકીથી ખદબદતા બદબુદાર શૌચાલયમાં એટલે નર્કાગારનો સામનો કરવા જેવી હાલત છે. શહેરની જવાબદારી લેવાવાળા અધિકારીઓને સરકારી સુવિધા ઓ વાળી ઓફિસ અને ગાડીઓની સુવિધામાં શહેરની સાંચી અને ગંભીર બાબત કયારેય નથી. દેખાતી હતી કે નથી જોવા માગતા હોતાં જેનું પરિણામ શહેરની મોટાભાગની ભોળી જનતાને આવી બદબુદાર ગંદકીથી ભૂગર્ભ ગટરોથી અને ખડકાયેલા ઉકરડાઓથી અને ઉભરાતી શૌચાલયો અને ખાંડા ખબુસ્યાવાળા રોડ અને વરસાદી પાણીથી અને કાદવ કીચડથી સામનો કરવો પડશે અને ખદબદતી અને દુર્ગંધ મારતી સુવિધાઓમાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ જાફરાબાદ શહરેની છે.

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in





# ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલ વસ્તરપરાનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૩૧

બાબરાનાંચમારડીનાંવતની અનેસુરતસ્થિતભામાશાગોપાલભાઈ વસ્તરપરાનોઆજે૧લીજૂનનાંરોજજન્મ દિવસ હોય સમગ્ર રાજયમાંથી સમાજ સેવીઓ, રાજકીય આગેવાનો, અધિકારીઓ સહિત દરેક સમાજમાંથી અભિનંદનવર્ષાકરવામાંઆવીરહીછે.

બાબરાનાં ચમારડી ગામે જન્મ લેનાર ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાએ આજથી ૩૨ વર્ષ પહેલા ચમારડીથી ખાલી ખિસ્સે સુરત તરફ પરિવાર સાથે પ્રયાસ કર્યુ અને ત્યાં તેઓએદિવસ–રાતએકકરીનેશ્રમકર્યો અને એકાદ દાયકાનાં ભારે સંઘર્ષ બાદ તેઓ સફળ બન્યા અને છેલ્લા દોઢ દાયકાથીતેઓઆર્થિકરીતેસધ્ધરથયા બાદસમાજનુંઋણચુકવવામાટેચમારડી ગામે ૬૦૦થી વધુ દિકરીઓનાં સમૂહલગ્ન કરાવ્યા, ખોડલધામનાં નિર્માણમાં ૧૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧નું માતબર રકમનું અનુદાન કરીનેઈતિહાસસર્જીદીધો.

પ્રાથમિક શાળ સુધીનો અભ્યાસ કર્યો હોય છતાં આગવી સુઝબુઝથી તેઓ આર્થિક રીતે સધ્ધર થયા, ૨ દિકરા અને ૧ દિકરીનાં પિતાએ ચમારડીથી સુરત સુધીની સફળ ખેડીને શૂન્યમાંથી સર્જન કર્યુ અને આજે તેઓનું નામ સુરતમાં ઘરે–ઘરે જાણીતું કર્યુ છે.

આજે તેમના જન્મદિને ચમારડી ગામે સાંજે ૭થી રાત્રિનાં ૧૨ સુધી બાળકોને સરબત, ગોલા, આઈસ્ક્રીમ આપીને જન્મદિનની ઉજવણી કરવામાં આવશે.

તેઓસહિતસમગ્રપરિવારનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સન્માન કરીને ખોડલધામમાં માતબર રકમનું અનુદાન આપવા બદલ પ્રધાનમંત્રીએ તેમની ભરપુર પ્રશંસા કરીહતી. તો પૂર્વમુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલનાં પણ તેઓ પર હંમેશા આશીર્વાદ રહેતા બાદમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વર્તમાન મુખ્યમંત્રીસાથેપણતેઓનેઆજેપણસારા સબંધો જોવા મળી રહ્યા છે.

અમરેલી જિલ્લાનાં કદાવર નેતાઓ પરશોતમભાઈ રૂપાલા, દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, બાવકુભાઈ ઉંઘાડ, ભરત સુતરીયા, જે.વી. કાકડીયા, કૌશિક વેકરિયા સહિતનાં સૌરાષ્ટ્ર–ગુજરાતનાં ભાજપ ઉપરાંત કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓ સાથે પણ તેઓને ઉમદા સબંધ હોવાની સાથે, ઉચ્ચ અધિકારીઓ તેમજ દરેક સમાજનાં આગેવાનો સાથે પણ તેઓ સારો સબંધ ધરાવી રહ્યા છે.

સાથોસાથ, તેઓને પાળીયાદ જગ્યાનાં ગાદીપતિ, જુનાગઢ ખાતે શેરનાથબાપુનાં પણ તેઓ પર હંમેશા આશીર્વાદ રહેતા હોય છે. તેઓ દ્વારકા ખાતેની એક હોસ્પિટલમાં દર વર્ષે ૫ હજાર મોતીયાનાં ઓપરેશનનો પણ ખર્ચ ભોગવે છે. સમગ્ર ગરીબ પરિવારો માટે અર્ધીરાતનો હોંકારો સમાન ગણાતા ગોપાલભાઈ વસ્તરપરાનાં આંગણેથી કોઈ પણ નિરાધાર વ્યકિત ખાલી હાથે પાછા ફરતા નથી.

તેઓએ ચમારડી ખાતે પાદરમાં દેશનાં વીર સપુતો સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી સરદાર પટેલ, ડો. આંબેડકર, સુભાષચંદ્ર બોઝ, શહીદ ભગતસિંહ સહિતની પ્રતિમાઓનું પણ નિર્માણ કરાવેલ છે.

તેઓને જન્મદિવસ દિવસે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે અને તેઓ ખોડલધામ ટ્રસ્ટનાં પ્રમુખ નરેશ પટેલની પણ ગુડબુકમાં છે. તેઓનાં મોબાઈલ નંબર ૯૮૨૫૧ ૩૨૨૨૨ પર અભિનંદનવર્ષા થઈ રહી છે.





## તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે

અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ–વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.

સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.

સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)